# આજે શહેરનું આકાશ પતંગોથી રંગીન બનશે

**પક્ષીઓને ધ્યાનમાં રાખી સાંજના સમયે પતંગ ન ચગાવવા અપીલ : કાપ્યો છે...લપેટની બુમોથી ધાબાઓ ગુંજશે : ડીજેના સુર વચ્ચે સાંજે આતશબાજી અને ગરબાની રમઝટ જામશે : સાંજ સંગીન બનશે**

ગાંધીનગર તા ૧૩

આજે ઉતરાયણ.. આકાશી નઝારો રંગબેરંગી જોવા મળશે. સેકટરોના ધાબાઓ એ કાપ્યો છે.. લપેટની બુમોથી ગુંજી ઉઠશે. ધાબા પર ડી જેના સુર સાથે પતંગરસિયાઓ પેચા લડાવશે. ઉતરાયણ પર્વને અનુલક્ષી નગરજનોમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. આજે ઉતરાયણની પુર્વ સંધ્યાએ પતંગ બજારમાં ભીડ ઉમટી પડી હતી. પતંગ રસિકો પતંગોત્સવની ભરપુર મજા માંણી લેવાના મુડમાં છે. જયારે પવન પણ ફેવરબેલ રહેશે તેમ મનાઈ રહ્યુ છે ત્યારે પતંગની મજા પક્ષીઓ માટે મોતની સજા ન બને તે માટે સાંજના સમયે બે કલાક પતંગ નહીં ચગાવવા માટે પણ પક્ષી પ્રેમીઓએ અપીલ કરી છે.

ઉતરાયણ પર્વની ઉજવણી માટે નગરજનો ઉત્સુક જોવા મળી રહ્યા છે. પર્વની પુર્વ સંધ્યાએ નગરજનો મોડી રાત સુધી પતંગદોરીની ખરીદી કરતા નજરે પડયા હતા. શહેરના પતંગ બજારમાં રાત્રિના સમયે પણ પતંગરસિયાઓની ભીડ જોવા મળી હતી જયારે આજે સેકટરોમાં ધાબા સફાઈ સાથે ઉતરાયણ પર્વને વધાવવા માટે ગૃહીણીઓ પણ વ્યસ્ત જોવા મળી હતી. આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વને અનુલક્ષી નગરજનો સજ્જ થઈ ગયા છે. ઉતરાયણ દરમિયાન આખો દિવસ ધાબા પર પસાર કરતો યુવાવર્ગ ડીજેના સુર વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં આજે કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે છવાયેલા વાદળછાયા વાતાવરણ પછી ૧૪મી જાન્યુઆરીએ કમોસમી વરસાદની સંભાવના દાંતીવાડા કૃષિ યુનિ. અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા સંપન્ન હવામાન પૂર્વાનુમાન અને કૃષિસલાહ બુલેટીનમાં દર્શાવવામાં આવી છે.

૧૪ જાન્યુઆરીથી ૧૮ જાન્યુઆરી માટેના સમયગાળા અંગે હવામાન આગાહી અંગેના ૬૮ માં બુલેટીનમાં આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ૫ મી.મી. જેટલો વરસાદ થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે આગામી દિવસોમાં આકાશ મોટે ભાગે ચોખ્ખુ રહેશે પણ એક દિવસ અંશતઃ વાદળછાયુ વાતાવરણ રહેવાની અને હળવા વરસાદની સંભાવના છે. મહત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૧૦.૧૪ ડીગ્રી રહેશે. હવામાં ભેજનું પ્રમાણ ૩૦ થી ૮૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના

● અનુસંધાન પાન-૭ પર

## ઉતરાયણ પૂર્વે વાદળિયા વાતાવરણથી પતંગ રસિયાઓમાં ઘેરી ચિંતા વ્યાપી

**સવારથી જ વાદળિયુ વાતાવરણ ટોક ઓફ ધ ટાઉન : ઠંડી અદ્રશ્ય : આજે પવન સાનુકુળ રહેવાની સાથે વાતાવરણ પણ સાનુકુળ રહેશે તે અંગે સતત ચિંતા**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં આજે સવારથી જ વાતાવરણનો મિજાજ બદલાયો હતો. સવારથી ઠંડીની અસર ખાસ જોવા મળી ન હતી પરંતુ આકાશમાં વાદળોના ઘેરાવા સાથે વરસાદી છાંટણા માટીને ભીની કરી ગયા હતા. ઉતરાયણ પર્વના પુર્વ દિવસે જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવતા પતંગ રસિયાઓમાં ચિંતા પેઠી છે. જયારે આજે દિવસ દરમિયાન વાતાવરણમાં પવન પણ ન હતો ત્યારે વરસાદી વાયરો ઉતરાયણની મજા નહીં બગાડે તેવો ભય પતંગરસિકોને સતાવી રહ્યો છે. દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રીએ પહોંચી જતા ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી.

શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો પારો વારંવાર ઉપર નીચે થતા મોસમનો મિજાજ પણ રોજબરોજ બદલાય છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે આજે ઠંડીનો પારો ૧૬ ડીગ્રીએ રહેતા વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. બીજીતરફ સવારથી જ આકાશી નઝારો બદલાયો હતો. સવારથી આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા. વાદળિયા વાતાવરણ વચ્ચે કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા પણ વરસ્યા હતા. જેના લીધે પતંગ રસિયાઓ પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. જો કે વરસાદ છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ ગયો હતો. પરંતુ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ વરસશે તેવો ભય પણ નગરજનોને સતાવી રહ્યો હતો. દિવસ દરમિયાન વાતાવરણ પલ્ટો ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો. જયારે અનોખા વાતાવરણના લીધે

● અનુસંધાન પાન-૭ પર



## શહેરની પતંગ બજારમાં છેલ્લી ઘડીએ ભીડ

**છેલ્લા દિવસે અચાનક પતંગના ભાવમાં દસથી વીસ રૂપિયાનો વધારો**

ગાંધીનગર, તા. ૧૩

ઉત્તરાયણની આગલી રાત્રે શહેરના બજારમાં ભીડ જોવા મળી હતી. છેલ્લા દિવસની ભીડમાં શહેરીજનો પતંગ, દોરી લેવા માટે ઉમટ્યા હતા. એ સાથે માસ્ક, બ્યૂગલ, કેપનું પણ જોરશોરથી વેચાણ થયુ હતુ. એ સાથે માર્કેટમાં છેલ્લા દિવસની ભીડને જોઈને પતંગના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો.

શહેરીજનો ધાબા ઉપરથી એકબીજાના પેચ કાપવા માટે તૈયાર છે. છેલ્લી ઘડીની ખરીદી અને ખાસ કીન્યા બાંધેલા પતંગ લેવાનો પણ ક્રેઝ શહેરમાં જોવા મળ્યો હતો. આમ તો શહેરમાં પતંગ બજાર પાછલા ચાર-પાંચ દિવસથી પતંગ માર્કેટ ભરાઈ ગયુ હતુ અને ધીમે ધીમે શહેરીજનો પતંગ-દોરીની ખરીદી કરતા હતા. પરંતુ પતંગના ભાવમાં ગયા વર્ષ કરતાં ૨૦ થી ૩૦ રૂપિયાનો વધારો થયો છે. સાથે સાથે ઉત્તરાયણની આગલી સાંજે પતંગ બજારમાં પતંગના ભાવમાં રેગ્યુલર ભાવથી ૧૦ થી ૨૦ રૂપિયા વધારો કરીને પતંગનું વેચાણ કરવામાં આવ્યુ હતુ. જયારે કલર ચીલનો ભાવ ૬૦ રૂ. કોડી હતો જે ઉત્તરાયણની આગલી સાંજે ૬૫ થી ૮૦ રૂ. કોડીએ વેચાઈ રહ્યા હતા. છેલ્લી ઘડીએ લેવા આવતા ગ્રાહકોએ પણ ભાવ કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. ઢાલ, ખંભાતી ચીલ, સફેદ ચીલ, ફૂદડીવાળી પતંગ, નાના બાળકોની પતંગ સાથે પતંગ, નાની ફીરકી, ચશ્મા અને માસ્કનો સેટ લેવા માટે શહેરીજનો ઉત્સાહિત હતા. પતંગથી રક્ષણ આપતી સફેદ પટ્ટી, ગુંદર પટ્ટી, પોપટા પણ ધમધોકાર વેચાઈ રહ્યા હતા. દોરી પીવડાવવામાં થોડી મંદી જોવા મળી હતી. કારણ કે હાલ તૈયાર ફીરકીનો ક્રેઝ વધ્યો છે. અને તૈયાર ફીરકીમાં ૯ તારની પાંચ હજાર વાર ફીરકી ખાસ વેચાઈ રહી હતી. આમ છેલ્લી ઘડીએ શહેરના પતંગબજાર સે. ૭, સે. ૨૧, સે. ૨૨, સરગાસણ, કુડાસણ ખાતે શહેરીજનોની ભીડ જોવા મળી હતી.





## મેયર રીટાબેન પટેલ આંતરરાષ્ટ્રીય સેમિનાર હાજરી આપવા તુર્કીના પ્રવાસે

**સ્માર્ટસીટી અંગેના આંતરરાષ્ટ્રીય સેમિનારમાં સમગ્ર ગુજરાત વતી મેયર પ્રતિનિધિત્વ કરશે : સેમિનારમાં શહેરને સ્માર્ટ બનાવવા વૈશ્વીકસ્તરે ચાલી રહેલા આયોજનો અંગે ચર્ચા થશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ ૧૫ અને ૧૬ જાન્યુઆરી દરમ્યાન યુનિયન ઓફ મ્યુનિસીપાલિટીઝ દ્વારા સ્માર્ટસીટી એન્ડ મ્યુનિ. એક્ઝીબિશન એન્ડ કોંગ્રેસના આયોજનમાં ભાગ લેવા તુર્કી જઈ રહ્યા છે.

તેઓ આજે મોડી રાત્રે હવાઈ માર્ગે દિલ્હી પહોંચશે અને દિલ્હીથી તેઓ તુર્કી જવા રવાના થશે.

મેયર રીટાબેન પટેલ ગાંધીનગરનું પ્રથમવાર મહાનગરપાલિકાની રચના પછી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા હોવાથી તેમના સમર્થકો અને શુભેચ્છકો તેમજ



મનપાના તંત્રમાં ગૌરવની લાગણી પ્રસરી જવા પામી છે.

બે દિવસના આ સેમિનારમાં અમેરિકા, બ્રિટન, બહેરીન, ડર્બન, ડેન્માર્ક સહિત ૨૮ દેશો ભાગ લઈ રહ્યા છે.

સેમિનારમાં શહેરને સ્માર્ટ બનાવવા વૈશ્વીકસ્તરે ચાલી રહેલા આયોજનો તથા ભવિષ્યની જરૂરિયાતો અંગે ચર્ચા થશે. શહેરોને સુવિધાયુક્ત બનાવવાની સાથે પર્યાવરણના જતન તથા હરિયાળીમાં વૃદ્ધિ કરી ગ્રીનકવર વધારવા અંગે પણ ચર્ચાઓ આ સેમિનારમાં થશે.

શ્રીમતિ રીટાબેન પટેલ ગુજરાતમાંથી એક માત્ર મેયર તરીકે આ ઈન્ટરનેશનલ સેમિનારમાં ભાગ લેવા જઈ રહ્યા છે.

## બહારની હવા કરતાં ઘરની અંદરની હવા વધુ ઘાતક : સર્વે

ગાંધીનગર, તા. ૧૩

જો તમે એવુ વિચારી રહ્યા હો કે ઘર કરતાં બહારની હવા વધુ પ્રદિષૂત છે અને તમે ઘરની અંદર રહીને વધુ સુરક્ષિતતા અનુભવો છો તો તમારો આ ખ્યાલ હવે બદલવો પડશે.

ઈન્ડિયન સોસાયટી ઓફ હિટીંગ રેફ્રીજરેટીંગ એન્ડ એરકન્ડીશનીંગ એન્જીનીયર્સ (ઈશરે)ની સ્ટુડન્ટ વિંગ દ્વારા અમદાવાદ-ગાંધીનગરમાં ઈન્ડોર એર ક્વોલીટી જાણવા માટે એક સર્વે કરાયો હતો. આ સર્વેના તારણો મુજબ બહારની હવા કરતાં અંદરની હવા વધુ પ્રદૂષિત છે. આ અંગે વાત કરતાં ચેરમેન પંકજ ઘાટકરે જણાવ્યુ કે બહાર કરતા ઘર કે કામ કરવાની જગ્યા અને જાહેર સ્થળો પરની હવાનુ સ્તર ખુબ જ જોખમી સ્તરે જોવા મળ્યુ છે. ઈન્ડોર એર ક્વોલીટી ઈન્ડેક્ષ ૫૦.૭૦ પોઈન્ટનો હોવી જોઈએ તેની સામે ૧૦૦ થી વધુ આવ્યો છે. જે ખરાબ બાબત છે. ૧૭ અને ૧૮ જાન્યુઆરી દરમ્યાન આ અંગેના પરિણામો પર ચર્ચા કરવામાં આવશે. ઈશરેમાં લર્નિંગના વાઈસ પ્રેસીડેન્ટ યોગેશ ઠક્કરે જણાવ્યુ હતુ કે ભારત પાસે ઈન્ડોર એર ક્વોલીટી અંગે રિયલ ટાઈમ ડેટા ઉપલબ્ધ નથી. ઈશરેના યુવા ઈજનેરોની સહાયથી આ જંગી પ્રયાસ ડેટા ક્લેક્શનનો કરવામાં આવ્યો છે. ગાંધીનગર અને અમદાવાદની ૨૫૧ જેટલી રહેણાંક કોમર્શીયલ, હોસ્પિટલ, મોલ, ઓફિસીસ અને થિયેટર્સ બિલ્ડીંગનો સર્વે કરાયો હતો.

## મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ૪૧,૯૧૩ જેટલા ફોર્મ ૬, ૭, ૮ અને ૮ક મળ્યા

**૯૩૪૯ ફોર્મ ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા નવા મતદારોએ રજુ કર્યા : સૌથી વધુ અરજી ગાંધીનગર દક્ષિણ બેઠકમાંથી ૮૮૧૩ અરજીઓ જ્યારે ગાંધીનગર ઉત્તરમાંથી ૩૮૫૩ અરજીઓ મળી**

ગાંધીનગર, તા. ૧૩

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા યોજવામાં આવેલી મતદારયાદી સુધારણા ઝુંબેશમાં અત્યાર સુધીમાં તંત્રને ફોર્મ નં. ૬, ૭, ૮ અને ૮ક મળી ૪૧૯૧૩ અરજીઓ મળી છે. ૧૫ મી જાન્યુઆરી આ સુધારણા ઝુંબેશનો અંતિમ દિવસ છે.

મળતી વિગતો પ્રમાણે મતદારયાદીમાં નવા નામ દાખલ કરવા માટે ૨૪૭૯૭ અરજીઓ મળી છે. જેમાં સૌથી વધુ અરજીઓ ગાંધીનગર (દ) બેઠક પરથી ૮૮૧૩ અરજી મળી છે. જ્યારે સૌના આશ્ચર્ય વચ્ચે આ વખતે કલોલ બેઠક પરથી ૫૨૦૦ થી વધુ અરજીઓ મળી છે જે જિલ્લાના પાંચ વિધાનસભા મત વિસ્તારમાં બીજા ક્રમે છે. ગાંધીનગર (ઉ)માંથી ૩૮૫૩, દહેગામમાંથી ૩૭૯૨ અને માણસામાંથી ૩૧૧૭ અરજીઓ મળી છે.

મતદાર નામ કમી કરવા માટે ૪૮૧૪ જેટલી અરજીઓ મળી છે. જ્યારે મતદાર તરીકેના નામમાં સુધારણા માટે ૯૨૪૦ અરજીઓ તંત્રને મળી છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે યુવા મતદારોની નોંધણીની સાથે સાથે સ્લમ વિસ્તારોમાં પર તંત્રએ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ અને તેના સારા પરિણામો સામે આવ્યા છે. જો કે છેલ્લી મતદારયાદી સુધારણા ઝુંબેશને લોકસભાની ચૂંટણી પહેલાં હાથ ધરાઈ હતી તેના પ્રમાણમાં થોડીક ઓછી અરજીઓ મળી છે પરંતુ ઝુંબેશને સારી સફળતા મળી હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૧૮ થી ૧૯ વર્ષના નવા મતદારોની ૯૩૪૯ જેટલી અરજીઓ મળી છે. જેમાં સૌથી વધુ ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં ૨૨૬૩, કલોલમાં ૨૦૩૧, દહેગામમાં ૧૯૭૯ અને માણસામાં ૧૭૨૩ તો ગાંધીનગર (ઉ)માં ૧૩૫૩ મતદારો આ વયજૂથના નોંધાયા છે.

જિલ્લામાં આ ઝુંબેશ દરમ્યાન ફોર્મ ૬, ૭, ૮ અને ૮ક જે ૪૧૯૧૩ મળ્યા છે તેમાં દહેગામમાંથી ૬૪૦૬, ગાંધીનગર (દ)માંથી ૧૪,૬૨૬, ગાંધીનગર (ઉ)માંથી ૬૯૭૬, માણસામાંથી ૪૯૦૬ અને કલોલમાંથી ૮૯૯૯ ફોર્મ ળ્યા છે.

## એલઆરડી મહિલા આંદોલનની ૪ મહિલાઓ સિવિલમાં દાખલ

ગાંધીનગર,તા.૧૩

છેલ્લા ૩૫ દિવસથી એલઆરડીની એસસી/એસટી/ઓબીસીની ઉમેદવાર મહિલા ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરી રહી છે, ૩૫ દિવસમાં ૪ વખત ડિટેઈન કરવામાં આવ્યા છે. અને અત્યાર સુંધીમાં ૪ જેટલી મહિલાઓની તબિયત લથડી છે. જેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ મહિલાઓ પોતાના ન્યાય માટે રાજ્યપાલને રજુઆત કરવા જતી હતી ત્યારે પણ તેમને ડિટેન કરવામાં આવી હતી. જે સમયે વધુ એક મહિલાની તબિયત લથડતા તેમને ૧૦૮માં હોસ્પિટલ લઈ જવામાં આવી હતી.

તો આ મામલે તેમના પ્રતિનિધિ રજનીકાંત ભાઈ ગૃહમંત્રી પ્રદીપસિંહને રજુઆત કરવા ગયા છે જો રજુઆતનો સુખદ અંત આવે તો આજનો તહેવાર પોતાના પરિવાર સાથે ઉજવી શકે છે.

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગણેશાય નમઃ ૐ નમઃ શિવાય જાહેર આમંત્રણ શ્રી કુળદેવી માતાય નમઃ શ્રી સદ્‌ગુરૂ દેવાય નમઃ
॥ સુંદરધામ ॥ શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મહારાજ
છઠ્ઠો પાટોત્સવ મહોત્સવ
મંગલકારી પ્રથમ દિવસ તા.૧૫-૧-૨૦૨૦, બુધવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
શ્રી ગોગા મહારાજનો યજ્ઞ
મંગલકારી બીજો દિવસ તા.૧૬-૧-૨૦૨૦, ગુરૂવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
શ્રી માતાજીનો યજ્ઞ
મહાપ્રસાદ તા.: ૧૭-૦૧-૨૦૨૦ સમય : સાંજે ૫-૩૦ કલાકે
શુભેચ્છક : શ્રી એન.પી. પટેલ (સંતશ્રી ગોદડિયા પરિવાર - વેસ્ટર્ન એગ્રો પરિવાર) શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)
શ્રી ભારતીબાપુ
શ્રી દિલીપ ગુરૂજી
પુણ્યકારી ત્રીજો દિવસ તા.૧૭-૧-૨૦૨૦, શુક્રવાર સમય : બપોરે ૧૨-૩૦ કલાકે
ભજનભાવ : અલગ-અલગ મંડળો દ્વારા ભજન ગવાશે.
આનંદનો ગરબો : અલગ-અલગ માં ના ભક્તો દ્વારા આનંદનો ગરબો.
શ્રી ભારતીબાપુ અને શ્રી દિલીપ ગુરૂજીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.
શુભેચ્છક : શ્રી એન.પી. પટેલ (સંતશ્રી ગોદડિયા પરિવાર - વેસ્ટર્ન એગ્રો પરિવાર) , શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)
જાહેરાત સૌજન્ય
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com